Join Today... Varsha Patel 's
Vadodara's Best
SINCE 1995
VARIANT COOKING CLASSES
Certificate Course
15 Variety Cooking Classes
D/601, Smrudhi Satvik, Danteswar
M: 9426326389

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

પખવાડિક ઇ-મેગેઝિન

વર્ષઃ ૨ • અંકઃ ૧૯ • સળંગ અંકઃ ૪૩ • ૧૭ જાન્યુ., ૨૦૨૬, શનિવાર • કુલ પાનાંઃ ૧૨ • કિંમતઃ નિઃશુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.

## અચલગચ્છાધિપતિનું વડોદરામાં આગમન






સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.એ આદિ ઠાણાઓ સહ તેમના કચ્છનું ચાતુર્માસ પૂર્ણ કરીને મુંબઇ તરફના વિહાર દરમ્યાન શનિવાર તા.૧૦.૧.૨૦૨૬ના રોજ શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરાના શ્રી વિમલનાથ જિનાલયે પધાર્યા હતા. પૂ.શ્રીઓના સામૈયામાં સમાજના ભાવિકો મોટી સંખ્યામાં આવ્યા હતા તથા સાહેબશ્રીના મુખેથી જિનવાણી-માંગલિકનો તથા દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે ધામધુમથી ઢોલ-શરણાઇના સુરો સહ પૂજ્યશ્રીનું સ્વાગત થયું હતું સાથે બહેનોએ માથે બેડાં સહ ગહુંલી લઇ તેમનું સ્વાગત કરેલ. આ પ્રસંગે સમાજના જ્ઞાતિજનો સાથે શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ રાજેશભાઇ નાગડા સહ અન્ય ભાવિકોએ હાજરી આપી જિનશાસનની શોભા વધારી હતી. વ્યાખ્યાન બાદ સંઘ નવકારશીનો લાભ લઇ બધા છુટા પડ્યા હતા.

બીજા દિવસે રવિવાર તા. ૧૧.૧.૨૦૨૬ના રોજ સવારે ૭ કલાકે સામૈયા બાદ શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ, રાવપુરા ખાતે પૂજ્યશ્રીઓ વિહાર કરી પહોંચ્યાં હતા ત્યાં તેમનું સંઘ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. શ્રી વાસુપૂજ્ય જિનલાયે દર્શન બાદ માંગલિક પ્રવચન આપેલ. વડોદરા શહેર ભાજપ પ્રમુખ જયપ્રકાશભાઇ સોની તથા માજી મેયર જીગીશાબેન શેઠ પૂજ્યશ્રીઓનાં દર્શનાર્થે પધાર્યા હતા.

એ ઉપરાંત આગામી ફેબ્રુ./માર્ચ માં આયોજિત શ્રી ગીતાસ્મૃતિ તીર્થ, નાલાસોપારા, મુંબઇ નગરે અંજનશલાકા - પ્રતિષ્ઠા મોહત્સવ માટે આચાર્ય શ્રીને આમંત્રણ તથા નિશ્રા આપવા વિનંતી કરવા શ્રેષ્ઠી શ્રી નાનજીભાઈના સુપુત્ર રસિકભાઈના હસ્તે પત્રિકા પર પૂજ્યશ્રી દ્વારા કંકુ છાંટણા કરવામાં આવેલ. આ પ્રતિષ્ઠા મહોત્સવે પૂજ્યશ્રીઓની નિશ્રા રહેશે. એક દિવસીય નિશ્રા બાદ અચલગચ્છાધિપતિ મુંબઇ તરફ વિહારમાં આગળ નીકળ્યા હતા.






હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
આપના સમાજના સમાચારો નિયમિતરૂપે મોકલાવો.
આપ સમાચારો-ફોટા-અહેવાલ વોટસએપ નં. 9377124582 પર
અથવા
Email: samajdarshan.mail@gmail.com
પર મોકલાવી શકો છો.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદ્ભૂત ખજાનો
આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા અહીં ક્લિક કરો



# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ,વડોદરા





શ્રી ક.દ.ઓ. વિમલ જૈન મહિલા મંડળ દ્વારા નવ વર્ષમાં કંઇક નોખું કરવાની દષ્ટિએ શનિવાર તા.૩.૧.૨૦૨૬ના રોજ નવ વર્ષના આગમને એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ડબ્બા પાર્ટી સાથે આયોજિત આ કાર્યક્રમની થીમ 'બેક ટુ સ્કુલ' પર રાખવામાં આવેલ. 'ફક્ત મહિલાઓ માટે'ના આ કાર્યક્રમમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇને આનંદ માણેલ.

કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિ પોતાને બચપણની યાદ સાથે સાંકળીને એ મુજબ વેશભુષા કરી આવેલ. કોઇક સ્કુલ યુનિફોર્મમાં તો કોઇ ખેલાડી સ્વરૂપે, કોઇ ફ્રોકમાં તો કોઇ મીડીમાં. બધા વિવિધ રીતે પોતાના બચપણની યાદો લઇને આવ્યા હતા તથા બચપણની લીંબુ-ચમચી જેવી રમતો, શાળાની કવિતાઓ વિગેરેની યાદ કરીને માણી હતી. ગેમના વિજેતાઓ, ડ્રેસ વિગેરે માટે ઇનામો આપવામાં આવ્યા હતા. એકંદરે બધાએ ખૂબ મોજ માણીને નવા વર્ષને આવકારેલ.


અન્ય સમાચારો :- ક.દ.ઓ.સમાજમાં ઘરદીઠ અચલગચ્છીય તિથિપત્રિકા (ટીપ) તથા નવા વર્ષના અચલગચ્છીય કેલેન્ડર (સૌજન્યઃ ડોમ્બીવલીવાસી નલિયા ક.દ.ઓ. જૈન મંડળ તથા અચલગચ્છજૈન સંઘ, મુલુન્ડ (ઇ) ) નું વિતરણ કરાયેલ છે.

સોમવાર તા.૧૯.૧.૨૦૨૬ના રોજ માતુશ્રી તારાબેન હીરજી નાગડા પરિવાર તરફથી એક દિવસીય પાવાગઢ - ડભોઇ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. પાવાગઢમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરજી, શ્રી મહાકાલી માતાજી તથા ડભોઇમાં શ્રી લોઢણ. પાર્શ્વનાથ તથા શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ દેરાસરજીના દર્શન પૂજા કરવાનો કાર્યક્રમ છે.

શ્રી વિમલનાથદાદાની જન્મ કલ્યાણકની ઉજવણીનો કાર્યક્રમ મંગળ તા.૨૦.૧.૨૦૨૬ના રોજ રાખવામાં આવેલ છે. સવારે શ્રી ક.દ.ઓ. વિમલ જૈન મહિલા મંડળ શક્રસ્તવ પૂજન કરાવશે તથશ સાંજે ચૌદ સ્વપ્ન દર્શનનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી ૨૬મી જાન્યુઆરીના રોજ કે.ડી.ઓ. યુવામંચ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહેલ છે. આ દિવસે સવારથી ધ્વજ વંદન, પ્રભાતફેરી, યંગ તરંગ-૨માં ભાગ લઇને આવેલ યુવાઓનું સન્માન, મ્યુઝિકલ કોન્સર્ટ સહ દેશભક્તિનો રંગારંગ કાર્યક્રમ તથા ફન એન્ડ ઇટ સ્ટોલ્સ્માં ખાણીપીણીનો કાર્યક્રમ જેવા અનેક કાર્યક્રમોનું આયોજન થવા જઇ રહેલ છે. કાર્યક્રમમાં ભાગ લેવા તથા વધુ માહિતી માટે સંપર્કઃ નિકીતા સંજય દંડ (પ્રમુખ, યુવા મંચ) મોઃ ૯૮૭૯૦૬૬૫૦૮

## આત્મીય ભાવથી છલોછલ વડીલને ભાવાંજલિ



: ઉંમર : ૯૩ વર્ષ

: સ્વર્ગવાસઃ તા.૪.૧.૨૦૨૬

### સ્વ.શ્રી શીવજીભાઈ મોરારજીભાઈ ભદ્રા

વડીલ શ્રી શીવજીભાઈ વડોદરાના કચ્છી ભાનુશાલી સમાજના અગ્રણી રહ્યા. વર્ષો પૂર્વે તેઓએ વડોદરાને કર્મભૂમિ બનાવી ત્યારથી તેમના સમાજમાં એક ઉત્તમ કાર્યકર તથા મોભી વડીલ તરીકે અનેક રીતે સમાજને સેવા આપી. તેઓ પ્રેમાળ સ્વભાવ, પડછંદ કાયા તથા મધુર કંઠના સ્વામી રહ્યા.

શત શત વંદન... !!!

પરમાત્મા આપને પરમ પદ અર્પે એજ પ્રાર્થના




- આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
- સદ્દગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
- ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.

ટોપ ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઇટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.

વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલઃ 9377124582 (ALL INDIA DELIVERY)

ઉત્તરાયણ તથા પ્રજાસત્તાક દિવસની
આપ સહુને હાર્દિક વધાઈઓ...

# RAJESH NAGDA & CO.

**CHARTERED ACCOUNTANTS**

309, VICE REGAL COMPLEX, 15, PUNIT NAGAR,
NR MALHAR POINT, OPP. MAGNUS, NR CAFE CLAN, O. P. ROAD, VADODARA 390 007
M: 9375776943 | 8980645180

Rajmani 10

5BHK
LUXURIOUS
VILLA



*Truly a stately Lifestyle*

*Ultimate LUXURY awaits YOU*

*A stylish dream home*
*with comfort & elegance.*

*Value added amenities*

B/h. Imperia Complex, Nr. Gotri Police Station, Gotri, Vadodara 390021

RAJMANI
RESIDENCY
3BHK LUXURIOUS FLATS




Fine Homes, Luxurious Lifestyle

A world of happiness created for
you & your family

Spacious layouts with crafted amenities

B/h. Vakratund Palm, Nr. Nilkanth Heights, Sevasi TP 1 Canal Road, Vadodara 391101

**Nagda Developers Pvt. Ltd.** • M.: 9375776943 | 8980645180

# ટચૂકડી જાહેરખબર – ક્લાસીફાઇડ



## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂ.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂ. ૧૦/– એક્સ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂ. ૩/–

જાહેરખબર મળ્યા બાદના પ્રથમ અંકમાં પ્રકાશિત કરવા પ્રયત્ન કરાશે. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ ઉપરના ફોન પર કોઇપણ પેમેન્ટ એપ દ્વારા કે UPI id: npbaroda@okicici પર મોકલી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/601, Samrudhi Satvik, Nr. Darshnam Antica, Bh. Bansal Mall, Danteswer, Vadodara 390004, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઇપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઇપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.


*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015
Website : www.variantclass.in
Email: variantclass@gmail.com





*Varsha Patel*
M: 9426326389

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/601, Smruddhi Satvik, Behind Bansal Mall, Danteswar, Vadodara - 390004.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com


### ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### જ્યોતિષ

આપ જ્યોતિષ, કુંડલી, ભવિષ્યવાણી જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

### કુરીયર

આપ લોકલ, રાષ્ટ્રિય કે ઇન્ટર નેશનલ કુરીયર કંપની સાથે સંકળાયેલા હો તો આપના ધંધાકીય વિકાસ માટે અહીં આપની જાહેરખબર આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

| કચ્છ-અર્પણ – કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક | વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન – એક મજાનું પખવાડિક – દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે |
|---|---|
| Advt.Tariff for E Magazine 'Kutch-Arpan' (bimonthly e-magazine) | SPECIAL OFFER For Advt. (2 ISSUES PER MONTH) (50% Off + Extra Discounts) |

**'Kutch-Arpan'**

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

**Samaj-Darshan**

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,500 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 2,000 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન

**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*


સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

# ૨૦ મિનિટ + ૧૦ આસાન યોગાસનો = સ્વસ્થ શરીર – ૨

ગતાંકમાં આપણે શરીરને સ્ફૂર્તિલુ બનાવવા તથા સ્વસ્થ રાખવા કે વજન પર નિયંત્રણ રાખવા યોગના આસનોનો કઇ રીતે ઉપયોગ કરી શકીએ છીએ તેની જાણકારી મેળવી.

દરરોજ ફક્ત તમારી ૨૦ મિનિટ આપીને ભવિષ્યની અનેક બિમારીઓ માટે તમારા શરીરને રોગ પ્રતિકારક સ્વસ્થ બનાવવા ઉપયોગી એવા આસનોની આ જાણકરીમાં આગળ વધીએ.


૬. ભુજંગાસનઃ




કરોડરજ્જુને હળવાશથી મજબૂત કરવા માટે આ સરસ આસન છે. ઊંધા સૂઇ જાઓ અને તમારા હાથ તમારા ખભા નીચે રાખો. શ્વાસ લેવાની સાથે તમારા હથેળીઓ પર શરીર ટેકવી માથું બને તેટલું ઊંચુ કરીને રાખો. શ્વાસ છોડતી વખતે ધીમે ધીમે માથું ફરીથી નીચે લાવો. આમ પાંચ શ્વાસ સુધી કરો.

કોબ્રા પોઝ કે ભુજંગાસનતમારી છાતી ખોલે છે અને સારી રીતે શ્વાસ લેવામાં મદદ કરે છે સાથે કરોડરજ્જુને જરૂરી મરોડ આપે છે.

૭. સેતુ બંધાસન (બ્રિજ પોઝ):







તમારી પીઠ પર ચત્તા સૂઇ જાઓ. તમારા પગની પાની પર ઘૂંટણથી ઉંચકી, પગને ઉપરની તરફ વાળીને શરીરને સેતુ કે પુલની જેમ ઉંચકો. તમારા બન્ને હાથને અંદરની તરફ વાળી બંને હથેળીને જોડો. માથું બને ત્યાં સુધી સીધું ટેકવી રાખો. પાંચ વખત શ્વાસ લઇને છોડો.

તમારા શરીરમાં સ્ફૂર્તિ લાવવાની આ એક શ્રેષ્ઠ રીત છે. આ આસન રક્ત પ્રવાહને સુધારવામાં મદદ કરે છે અને શરીરને ઉર્જામાં વધારો કરે છે.

૮. વિપરિતા કરણાસનઃ







દિવાલની બાજુમાં બેસો પછી પાછળ બાજુ સૂઇ જાઓ અને તમારા પગને દિવાલ પર ઉપરની બાજુ લંબાવો. એક અઘરા શિર્ષાસન જેવી જ આ સ્થિતિ છે. જો જરૂરત હોય તો કમરને હથનો ટેકો આપો. એક મિનિટથી શરૂ કરી વધુમાં વધુ ૫ મિનિટ માટે આ આસન અદભૂત પરિણામ આપી શકે છે.


આખો દિવસ ઊભા રહી કામ કરનાર માટે આ એક શાનદાર આસન છે. તે રક્તવાહિનીઓને નિયમિત કરે છે. થાક ઘટાડે છે. તમારા વર્કઆઉટના અંતમાં આનાથી રિચાર્જ થવાની એક ઉત્તમ રીત છે.

૯. પશ્ચિમોત્તાનાસનઃ (બેઠક સાથે વળાંક)

ચત્તા સૂઇ જાવ કે તમારા પગ સીધા તમારી સામે રાખીને બેસો. ઉંડો શ્વાસ લો અને તમારા હાથ ઉંચા કરો પછી સીધા તમારા કમરથી વળીને તમારા પગ સુધી પહોંચતા શ્વાસ છોડો. જો શક્ય હોય તો હાથની આંગળીઓથી પગના અંગુઠાને પકડી શરીરને આરામ કરવા દો. પાંચ શ્વાસ સુધી આ સ્થિતિમાં રહો.


આ આસન તમને શાંત કરવામાં મદદ કરે છે અને તમારા






પેટના અવયવોને ટેકો આપે છે તથા આપણને આરામ કરવામાં મદદ કરે છે.

૧૦. સવાસન (શબ આસન)




અંતિમ આરામ આસન સાથે યોગાભ્યાસ પૂર્ણ કરવાની ઘડી આવી છે.

ઉપરની બાજુ જોઇને ચત્તા સૂઇ જાવ. તમારા હાથ બાજુઓ પર રાખો અને હથેળીઓ સીધી ઉપર રાખો. આંખો બંધ રાખી મગજને પગના અંગુઠાથી આરામ કરવાનું કહેતા છેક માથા સુધી આવો. આરામ કરવા ઊંડા શ્વાસ લો. ૫ થી ૧૦ મિનિટ આરામ કરી તમારા મનને તમારા શરીરનો અભ્યાસ કરવા દો.

આ સવાસન મહત્વપૂર્ણ છે કેમ કે તે શરીરને તમે કરેલા આસનના ફાયદાઓને શોષવામાં મદદ કરે છે.

(વાચકો માટે નોંધઃ આ લેખ માહિતીના હેતુ માટે છે અને તેમાં કોઇ તબીબી સલાહ કે દવા નથી. તમારા સ્વાસ્થ્યના પ્રશ્નો માટે હંમેશા તમારા ડોક્ટરની સલાહ લો.)

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
એક ઉત્કૃષ્ટ કચ્છી સામાયિક
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદભૂત ખજાનો
આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા અહીં ક્લિક કરો...




હાર્દિક શુભેચ્છાઓ સહ...
નરેન્દ્રભાઈ મોમાયા
M: 9879913377
કુસુમબેન મોમાયા
M: 9428693309
કેવલ મોમાયા
રશ્મીબેન મોમાયા
જિનય મોમાયા
પાર્શ્વી મોમાયા
કચ્છી ગૃહઉદ્યોગનાં ઘઉંના લોટમાંથી
હાથ બનાવટનાં શુદ્ધ, સાત્વિક,
ઉત્તમ ક્વોલીટીનાં ખાખરા
સાદા ખાખરા
જીરા ખાખરા
મેથી ખાખરા
ચટપટા ખાખરા
➢ સાદા ખાખરા
➢ શુધ્ધ ઘી ખાખરા
➢ જીરા ખાખરા
➢ મેથી ખાખરા
➢ ખીચડી ખાખરા
➢ ચટપટા ખાખરા
➢ ડાયેટ ખાખરા
➢ ચકરી
➢ ફરસી પુરી
➢ જાડી સેવ
F-15, Saraswati Nagar, KDO Nagar, Opp. Kalavati Hosp.,
Nr. Vimalnath Derasar, Warasiya Ring Road, Vadodara-6


Kala Craft
Traditional & Creative
Craft Collection
Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211


V FOODS
Kutch Varities in Vadodara
To Get Latest Updates
Click
here &
join the
WA GROUP
FARSANI DUNIYA
Shreeji
ANJALI
કચ્છનો પારંપારિક સ્વાદ
સસ્તું નહીં, સાત્વિક ખાવ...
દર વખતે ફ્રેશ ખાવ !
પકવાન
(સાદા તથા મરી)
મેસુક
કચ્છી ગાંઠીયા
કચ્છી પેંડા
શાહી ગુલાબ
સૈકેલો ગુલાબપાક
BOOKING ONLY
વડોદરામાં ફ્રી ડીલીવરી મેળવો ઘેર બેઠા*
*-subject to terms
Navin Patel | D 601, Smrudhi Satvik, Near Darshnam Antica, Danteshwar
Road, Vadodara 390004 | M: 9377124582 | ONLY VADODARA DELIVERY


રૂપારેલ પરિવાર તરફથી
આપ સહુને
નવ વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ...
કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
કચ્છ કોઠારા– વડોદરા

# ગુજરાતી રસોડા થી અમેરિકા સુધી




વિદેશ જતા ગુજરાતી પ્રવાસીઓમાં અમેરિકા જનારાઓ પ્રમાણમાં વધુ હોય છે. યુ.એસ. જતા પહેલા મોટા ભાગના ગુજરાતી તથા અન્ય પ્રવાસીઓ મુંબઇ, અમદાવાદ અને ગુજરાતના શહેરોમાંથી થેપલા, ફાફડા, તૈયાર પાવભાજી અને ગુજરાતી નાસ્તાના વેક્યુમ-સીલ કરેલા પેકેટનો સ્ટોક સાથે લઇ જતા હોય છે. આ બનાવનાર મોટા ભાગની ગુજરાતી મહિલાઓ છે જે તેમના ઘરના રસોડામાંથી આ વ્યવસાયો ચલાવે છે.

ગુજરાતી બહેનોનો આ 'મેકિંગ ફોર અમેરિકા'નો ફૂડ બિઝનેસ હવે યુ.એસ., યુ.કે., કેનેડામાં મુસાફરી કરતા NRI માં લોકપ્રિય બની ગયો છે.

પહેલા મજાકમાં કહેવાતું કે ભારતભરમાં ક્યાં પણ ગુજરાતી પ્રવાસી જોડે બીજું કંઇ નહીં મળે પણ થેપલા તો મળશે જ. હવે અમેરિકા જનાર પ્રવાસી તેમના ૩૦ કિલોના ચેક-ઇન સામાનનો એક ભાગ ખોરાક માટે અનામત રાખે છે અને તેમાં ખાખરા, થેપલા અને બીજું ગુજરાતી ફરસાણ લઇ જતા હોય છે એમ કહીએ તો કાંઇ ખોટું નથી. આમ તો આ બધાજ દેશોમાં ગુજરાતી નાસ્તાની કોઇ અછત નથી.

હવે તો ભારતમાં અનેક બ્રાન્ડેડ નાસ્તાઓ દરેક સ્થળે સુપરમાર્કેટસ્ દ્વારા પહોંચી જાય છે, જ્યાં ભારતીયોની અને ખાસ કરીને ગુજરાતીઓની વસતી છે. પરંતુ તે ગુજરાતી બહેનો દ્વારા ઘરે બનાવેલા નાસ્તાના સ્વાદ સાથે મેળ ખાતા નથી.

અમેરીકાની યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે ભારતમાંથી આવા નાસ્તાઓ/ખોરાક લઇ જનારાઓનું માનવું છે કે તેમને આ ખોરાકે યુ.એસ.માં એક-બે અઠવાડિયા સુધી ટકાવી રાખ્યા જ્યારે તેઓ તેમના ભોજન શોધી રહ્યા હતા, બધું તેમના માટે બધું નવું હતું અને બજેટ ખૂબ જ ઓછું હતું. ભારતમાંથી મળતું ભોજન સસ્તું જ હતું સાથે તે પૌષ્ટિક અને શુદ્ધ શાકાહારી હતું.




FMCG ઉત્પાદનો તરીકે સુપરમાર્કેટસ્ જેવા સ્થળે વેચાતા સમાન નાસ્તા લગભગ પાંચ ગણા મોંઘા હોય છે ઉપરાંત આ બહેનો દ્વારા બનાવવામાં આવતા નાસ્તા 'ઘર કા ખાના' જેવા હોવા ઉપરાંત સ્વસ્થાયવર્ધક અને સસ્તા હોય છે.

ભારતના અનેક લોકોમાં પ્રવાસમાં પોતાનું ભોજન લઇ જવાની પરંપરા રહી છે. આજે સમય બદલાયો છે, પણ ઘરે બનાવેલ ખોરાક સાથે મુસાફરી કરવાની ટેવ બદલાઇ નથી.

મોટે ભાગે ગુજરાતી મહિલાઓ દ્વારા સંચાલિત સાહસો તેમના ઘરના રસોડામાંથી ચાલે છે સાથે તેમના ઘર પણ ચલાવે છે. હવે વધુ ભારતીયો અભ્યાસ કે નોકરી માટે અમેરિકા, કેનેડા ને યુ.કે. જતા હોઇ મુંબઇના ગુજરાતી કેન્દ્રો વિલેપાર્લે, ઘાટકોપર, બોરીવલી, કાંદિવલી સાથે સમગ્ર ગુજરાતમાં પણ આવા વ્યવસાયો વિકસી ગયા છે. તેમના ઘરાકોમાં ફક્ત વિદ્યાર્થીઓ, ટેકનીશીયને અને NRIs જ નહીં પણ સેલિબ્રિટીઓ પણ જોવા મળે છે.

આમાંના ઘણાં ઘરેલુ વ્યવસાયો 'બ્રાન્ડ નેમ' બની ગયા છે, જેમ કે ૧૯૬૫થી કાર્યરત અમદાવાદના ઇન્દુબેન ખાખરાવાલા અને મુંબઇનું ફેમસ મહિલા ગૃહઉદ્યોગ લિજ્જત. મુંબઇના દર્શના મકવાણા વર્ષોથી આવો હોમ કિચન બિઝનેસ ચલાવી રહ્યા છે, જે લોકલ તેમ જ વિદેશમાં મુસાફરી કરનારાઓને સેવા આપે છે. અમદાવાદના જ સેજલ શાહ જે વિદેશના પ્રવાસીઓ માટે ઓર્ગેનિક, હોમમેડ ખોરાક તૈયાર કરે છે તે આજે ઉભરતું નામ છે.

આજે સમૃદ્ધ NRI સમુદાય, અમેરિકન સ્વપ્નનો પીછો કરતા વિદ્યાર્થીઓ અને ટેકનીશીયનોને અમેરિકામાં ખોરાક આપનાર ગુજરાતી બહેનો છે, જે તેમના નાના રસોડામાંથી ખાસ કરીને અમેરિકાના મુસાફરો માટે ઓર્ડર પર ભોજન બનાવી રહ્યા છે.

મોટા ભાગના આ બધા હોમ-રન ફૂડ બિઝનેસ કોઇપણ માર્કેટિંગના ગતકડા વગર માઉથ ટુ માઉથ પબ્લીસીટીથી હિટ થયા છે. આ લોકો કોઇપણ બ્રાન્ડ નેમ વગર, આકર્ષક પેકેજિંગ વિના ફક્ત ગુજરાતીની ઉદ્યોગ-સાહસિક માનસિકતા, મહેનતુ સ્વભાવ, અને વર્ડ પાવર તથા સારો ખોરાક બનાવવાની દઢતાથી તેમના વ્યવસાયોને વૈશ્વિક સ્તરે લઇ ગયા છે.

આ ઉપરાંત અનેક લોકો નાના પાયે ઘરેથી ખાસ કરીને ગુજરાતી નાસ્તાના વ્યવસાય ચલાવે છે. પરંતુ તેઓ વિદેશ જતા વિદ્યાર્થીઓ, ટેકનીશીયનો ને વ્યાવસાયિકો માટે જીવન ટકાવી રાખવાની 'ઇમરજન્સી કીટ' જેવું કામ કરે છે. આ બધા લોકો ઓર્ડર તેમના થેપલા, ફાફડા, ગાંઠીયા, મઠિયા, ડિહાઇડ્રેટેડ ભાજી (પાંવ-ભાજી માટે) વિ. લાંબા સમય સુધી ટકે તે માટે વેક્યુમ-સીલ કરેલા પેકેટમાં પેક કરે છે.

આ ભોજનની લોકપ્રિયતાનું બીજું એક કારણ એ પણ જોવા મળે છે કે અમેરિકા ને યુ.કે.માં ગુજરાતીઓ વધુ ગયા છે જેમાંના મોટે ભાગે શાકાહારી હોય છે. ત્યાં મળતો બિન-મસાલેદાર ખોરાક તેમને ફાવતો નથી. ભારતના અન્ય પ્રદેશોમાંથી વિદેશ પ્રવાસ કરતા શાકાહારીઓને પણ ગુજરાતી ભોજન ફાવે છે કેમ કે તે લઇ જવામાં સરળ છે, મોટાભાગની વાનગીઓ સૂકી હોય છે, અને જ્યારે ગુજરાતી તેને બનાવે એટલે 'શુદ્ધ શાકાહારી ટેગ' લાગી જ જાય છે.

આ બહેનો સરેરાશ દરરોજના ૨૦-૩૦ થેપલાથી માંડીને ૧૦૦ ઉપરાંત થેપલાંનો ધંધો કરી લે છે. ઘરના માણસોના સથવારે શરૂ કરાયેલ આ બિઝનેશ વધતા તેમાં અન્ય લોકો પણ કામ કરતા થાય છે તો ઇન્દુબેન ખાખરાવાલા ને લિજ્જત જેવું નામ કમાવી 'બ્રાન્ડ નેમ' પણ બની ગયેલ છે.

આજે થેપલા, ખાખરામાં અનેક વેરાયટીઓ મળે છે જે ડીપ્સ, અથાણાં અથવા એમ જ ખાઇ શકાય છે. વેક્યુમ-સીલ કરેલ આ આઇટેમો એક મહિના સુધી ચાલે છે.

યુ.એસ.માં મળતી શાકાહારી સેન્ડવીચની કિંમત કરતા થેપલાની કિંમત ચાર ઘણી હોઇ શકે પણ ત્યાંના 'શાકાહારી' પર બધાને વિશ્વાસ નથી હોતો કેમ કે ત્યાં ઘણો ખોરાક માછલીના તેલમાં ને છે તથા બેઝ ઓઇલમાં જે પણ શુદ્ધ શાકાહારી નથી. આને કારણે આ ભારતીય અને ખાસ કરીને ગુજરાતી નાસ્તા/ખોરાકની નવી માર્કેટ ઊભી થઇ ગઇ છે જે હજુ વધુ ને વધુ પાંગરતી રહેશે.

(સંકલન : નવીન પટેલ, સંદર્ભ: આનંદ સીંઘના આર્ટીકલ તથા ઇન્ડીયા ટુ ડે તથા ઇન્ટરનેટ પર ઉપલબ્ધ માહિતીના આધારે)




વાગડમાં નોંધપાત્ર કામ કરી રહેલ સંશોધક લેખક મહાદેવ બારડની કલમની સાથે માણીએ...

# વાગડ વૈભવ

લેખક : મહાદેવ બારડ, મો: ૯૭૧૪૮૩૪૨૨૩

## ગોદડજી બાપુ પરથી ગામનું નામ પડ્યું: ગાગોદર




રાપરથી ૩૧ કિ.મી. દૂર નેશનલ હાઇવે ગઇં ૨૭ પર ગાગોદર ગામ આવેલું છે. વિ.સં. ૧૮૩૧-૧૮૩૯ સમયે ગાગોદરનું નામકરણ નો'તું થયું ત્યારે વાગડના વેપારીઓ આ માર્ગે થઇને સામે સૌરાષ્ટ્રમાં અલગ અલગ શહેરોમાં બળદ ગાડા દ્વારા વેપાર અર્થે અહીં થઇને જતા અને ભચાઉ તાલુકના આધોઇ ગામેથી ક્ષત્રિય પરિવારો કોઇ કારણસર હિજરત કરીને ગાગોદરમાં વસ્યા. તે સમયે નાના મોટા ડાકુઓ તેમની ટોળીઓ બનાવીને રણ માર્ગે આ ગામ ઉપર રાત્રિના સમયે હુમલાઓ કરતા અને લુંટફાટ કરીને ભાગી જતા એટલે આધોઇથી ગોગાદર આવીને વસેલા શાહ અને છેડા પરિવારના અમુક વડીલોએ કચ્છ રાજમાં ફરિયાદ કરતા કચ્છના મહારાવ ખેંગારજી બાવા પ્રથમ તરફથી ઉત્તર અને દક્ષિણ દિશાએ ઊંચી ટેકરીઓ ઉપર કાળમીંઢ પથ્થરોના બે કોટ (ગઢ) બંધાવી આપ્યા અને ગામ પર કોઇ ધાડપાડુ ત્રાટકે ત્યારે આ ગઢ પર વાવટો ફરકાવતા જેને જોઇને પોતપોતાના ખેતર છોડી પરિવાર, માલ-મિલક્ત વગેરે બચાવવા ખેડૂતો દોડતા અને જાનમાલનું રક્ષણ કરતા અને લુંટારાઓને ભગાડી મૂકતા. ગાગોદર ગામની સ્થાપના વિ.સં. ૧૮૮૨માં વીરભદ્ર ગોદડજી બાપુએ કરી અને ગામનું તોરણ બાંધ્યું એટલે ગોદડજી બાપુ પરથી ગામનું નામ ગાગોદર પડ્યું છે તેવી કચ્છ પરિચય પ્રકાશન પુસ્તકમાં હરેશ ધોળકિયાની નોંધ છે. ગામના દેદા જાડેજા સદીઓથી હોળીનો તહેવાર મનાવતા નથી તેનો આગવો ઇતિહાસ છે. ગાગોદર ગામ કંથકોટ જાગીરનું કહેવાય છે. ગાગોદરમાં એક સમયે ડાંગર શાખના આહીરો રહેતા જેઓ હવે સ્થાનાંતરણ કરી ગયા છે પરંતુ ડાંગરાવારા ખેતરો હાલે પણ ઓળખાય છે,જ્યાં ગામનો પિયાવો હતો તેવું ગામલોકો જણાવે છે. ગાગોદરમાં લોકમુખે ચર્ચાય છે કે ગામમાં ગઢવી, આહીર, રબારી રહી શકતા નથી.

ગાગોદરમાં દરબાર, પટેલ, ભરવાડ, રાજપૂત, બાવાજી, ગોસ્વામી, દરજી, કોલી ઠાકોર, લોહાણા ઠક્કર, જૈન ઓસવાલ, પ્રજાપતિ, સોની, માલી, વાળંદ, બ્રાહ્મણ, દેવીપૂજક, વાલ્મિકી, સુથાર, મુસ્લિમ વિ. ભાઇચારા સાથે રહે છે. ગામના મોટા ભાગના લોકો ધંધાર્થે મુંબઇ તથા બહારગામ વસે છે. ગામમાં રાજપૂતવાસ, દરબારવાસ, ભરવાડવાસ, વાણીયાવાસ જેવા વિવિધ જ્ઞાતિને લગતા વિસ્તાર બનેલા છે. ગામમાં ચોંટેલ માતાજી, રામ મંદિર, હનુમાન મંદિર, રામેશ્વર મહાદેવ, ગણેશ મંદિર, રાજબાઇ મંદિર, શીતળા માતાજી મંદિર, સતી માતાજી મંદિર, ભીડભંજન મહાદેવ મંદિર, રામદેવપીર મંદિર, અંબાજી મંદિર છે. અહીંના પૂર્ણશ્વર મહાદેવનો મહાશિવરાત્રિમાં પ્રસાદ લેવા આખું ગામ આવે છે. ગોરાસર તળાવ આસપાસ ૫૦૦થી વધુ મોર છે. તળાવના કિનારે રાજબાઈ માતાજીના બેસણા છે. અહીં જ સ્વામિનારાયણ ભગવાને સ્નાન કરી તળાવની પાળ ઉપર આરામ કરેલો તે સ્થળે છતરડી બનાવેલી છે. ગાગોદરમાં ડાંગરા, કાંઠાવારો, ઓઢ, આલુંડો વગેરે સીમ છે. એક સમયે વાગડમાં લોકમુખે કહેવત બોલાતી કે 'ગામ ગાગોદરને, ગોરાસરના પાણી, દીકરી દેજો જોઇ જાણી' એટલે કે ગાગોદરમાં કોઇ દીકરીને પરણાવે તો તેણે વહેલા ઊઠી ગામથી દૂર ગોરાસર તળાવમાં પાણી ભરવા જવું પડતું. ત્યારે કદાચ આ એક તળાવ ઉપર ગામ નિર્ભર હશે.

ગુજરાતના ખ્યાતનામ ભાગવત વક્તા શ્રી પંડિત નવલશંકર શાસ્ત્રીજી ગાગોદરના છે. ગામમાં ગોરાસર, ખેંગારસર, ઢોરકી વગેરે તળાવ આવેલ છે. ગાગોદરમાં સને ૧૯૮૦માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના થઇ. અહીં આંગણવાડીઓ, પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળા, પોલીસ સ્ટેશન, ગ્રામ પંચાયત, ટેલિકોન એક્સચેંજ, પોસ્ટ ઓફિસ વિ. આવેલ છે. ગામમાં રમણીય સ્મશાનગૃહ પણ છે. ઉપરાંત શ્રી રામ ગૌશાળામાં બીમાર ગાયોની સેવા ને સારવાર થાય છે. ગામનું વીજળીકરણ મોડું છેક ૧૯૭૭માં થયું. હાલમાં ગાગોદર બ્રાંચ કેનાલ દ્વારા આસપાસના અનેક ગામના ખેડૂતો દ્વારા નર્મદાના નીરથી સમૃદ્ધ ખેતી થાય છે. વિ.સં. ૧૯૬૩માં ચિત્રોડથી શેઠ ગાંગજી (બોડા) કુંવરજી ગાગોદર આવી વસ્યા. તેમનો ધીરધારનો વેપાર પાકીસ્તાનથી બન્નીના છેવાડાના વિસ્તાર સુધી હતો. માલધારી જત લોકોની નજર હંમેશા ગાંગજી શેઠના ગાગોદર ઉપર રહેતી. તેમના ઘેર પુત્ર નગરશેઠ ઇંદરજીના જન્મની ખુશીમાં એકસો ગોરા ઉંટના બચ્ચાં (ટોડીયા) આપેલા. ઇંદરજી શેઠ ગાંધીજી સાથે બેઠકો યોજતા સ્વતંત્રસેનાની હતા. કચ્છના મહારાવ તેમના પ્રવાસ વખતે એમના ઘેર રાતવાસો કરતા.

ગામના જૈન પરિવારોમાં ખાસ કરીને શાહ અને ગડા પરિવારે ગામના વિકાસમાં હોસ્પિટલ, શાળા, મંદિરો કે અન્ય બાબતમાં સારો યોગદાન આપેલ છે. ગામની પ્રથમ કન્યાશાળા ઓસવાલ જૈન શ્રેષ્ઠી શ્રીમતી કોરીબેન પચાણ ગાલા દ્વારા બની છે. ગામના ચારે પ્રવેશદ્વાર, ગામના પેવર બ્લોકના બનેલ મુખ્ય રસ્તાઓ, જૈન ઓસવાલ સમાજ તરફથી બનાવી આપવામાં આવેલ છે. બહાર હાઇવે પરથી દૈનિક ૨૦૦ થી ૨૫૦ એસ.ટી. બસો આવન જાવન કરે છે, પરંતુ અમુક જ બસો ગામમાં આવે છે. ગામમાં બસ સ્ટેશન પણ નથી. હાઇવે પર હોવા છતાં ગાગોદર ગામમાં કોઇપણ બેંક નથી. ગામના વિવિધ જ્ઞાતિના સરપંચો આવતા રહ્યા છે. એકંદરે સારો સંપ છે.



ગાગોદર ગામનો કુલ વિસ્તાર ૫૦૫૬.૮૧ હેકટર છે. વસ્તી ૪૫૦૦ છે જેવી છે. સ્ત્રી સાક્ષરતા ૨૨ % તથા કુલ સાક્ષરતા દર ૫૩.૭% છે.

(માહિતી સૌજન્ય: કચ્છ પરિચય પ્રકાશન પુસ્તક પે.નં.૫, વાઘજીભાઈ પ્રજાપતિ, કિરીટસિંહ જાડેજા, દેવાભાઈ ભરવાડ, ભગવાનજી ખોડ, નરપતસિંહ યાદવ, પુરણગર ગૌસ્વામી, દિલીપભાઈ પંચાલ.)

## ફોટો બોલે છે... ૩૪

Photo & Story by
Satish Shanischara, Mandvi.
M: 9925169693



આ રહ્યો કુંભાર, માટીને ઘાટ આપીને, નવા વર્ષ માટે નવો ઘડો તૈયાર કરે છે, નિત નવા ઘાટ ઘડીને અનેક કલાસભર ચીજોનું નિર્માણ કરે છે. એની મહેનત અને કલાથી, એન દરેક રચનામાં જાણેનવો ઉત્સાહ ભરે છે.

આ કારીગરી માત્ર કોઇએક વાસણ કે પાત્ર નથી, પણ આવનારા નવા સમયની આશા છે, ભવિષ્યનું સુકન છે. દરેક શુભ અવસરે, મુંભારે કરેલું આપણી ધરતીની માટીનો ઉપયોગ કરેલ એનું સર્જન ભલે તે દીપ સ્વરૂપે કે ઘડા સ્વરૂપે હોય તે આપણાં સૌના જીવનમાં નવીનતા લાવે છે.

કચ્છી લોકસાહિત્યની કથાઃ ૨૭

## જાડેજાવંશની શરૂઆત

લેખક - સ્વામી સચ્ચીદાનંદના પુસ્તક 'કચ્છી કથાઓ'માંથી સાભાર

સિંધ અને કચ્છમાં રાજપૂતોના જુદાજુદા ઘણા વંશોએ રાજ્ય કર્યું છે, પણ તેમાં જાડેજાવંશ સૌથી વધુ મહત્ત્વનો અને પ્રભાવી રહ્યો છે. જાડેજા-વંશ કેવી રીતે ચાલ્યો તેની થોડી વિગત જાણવા પ્રયત્ન કરીશું.

ખરેખર તો ઇતિહાસ વ્યક્તિનો ઓછો પણ વંશોનો વધારે ચાલ્યો ગણાય છે. કયા વંશનું કેટલો સમય રાજ્ય ચાલ્યું તે લખાય છે અને પ્રત્યેક વંશની પોતાની આગવી મથાવટી હોય છે.

જાડેજા માટે એક દુહો કહેવાય છેઃ

'લાખો ને લાખિયાર, બએ જન્મ્યા જાડા,
વરે જો લાખો વડો, જેનું જાડેજા.'

ભાવાર્થઃ લાખો અને લાખિયાર બંને બેલડા જન્મ્યા હતા. બેલડાને સિંધી ભાષામાં જાડા કહેવાય છે, તેથી તેમના વંશજો જાડેજા કહેવાયા.

જામ સાંધનો મોટો કુમાર જાડો નગરસમૈની ગાદીએ બેઠો, પણ તેને સંતાન ન હોવાથી તેણે તેના ભાઈ વેરાના બેલડા પુત્રોમાંથી મોટા પુત્ર લાખાને દત્તક લીધો હતો. પછી લાખો જાડાનો દત્તક પુત્ર થયો તેથી પણ જાડેજા કહેવાયા.

લાખાને દત્તક લીધા પછી મોડેમોડે જામ જાડાને ત્યાં પારણું બંધાયું અને એક પુત્ર થયો. તેનું નામ ધાહો રાખવામાં આવ્યું. કોઇ બાળકને દત્તક લીધા પછી દત્તક લેનારના ઘરમાં પારણું બંધાય તો ઘણા પ્રશ્નો ઊભા થતા હોય છે. માતા-પિતાનું પૂરેપૂરું વહાલ પોતાના બાળક ઉપર ઢળવા લાગતું હોય છે, જેથી દત્તક લીધેલા પુત્રની ઉપેક્ષા થવા લાગે છે. આ ઉપેક્ષા પાછળથી દ્વેષમાં પણ બદલાઇ શકે છે. જો દત્તક બાળકમાં દુર્ગુણો દેખાવા લાગે, ખાસ કરીને જ્યાં દ્વેષ થાય ત્યાં દુર્ગુણો દેખાવા લાગતા જ હોય છે, તો તો ભયંકર વિખવાદ થઇ શકે છે. ખૂનામરકી પણ થઇ શકે છે. પણ જામ જાડા અને તેની રાણીએ લાખા પ્રત્યે જરા પણ પ્રેમ ઓછો ન કર્યો. બંનેને બરાબર પ્રેમ આપતાં રહ્યાં.

કૌટુંબિક પ્રેમ બે પ્રકારનો હોય છેઃ એક તો ખરી લાગણીનો અને બીજો વ્યવહારનો દેખાવ પૂરતો. આ બીજો પ્રેમ પણ મહત્ત્વનો હોય છે. તેનાથી બેલેન્સ સચવાતું હોય છે. આને વ્યવહાર કુશળતા કહેવાય. જેનામાં આવી કુશળતા ન હોય તે વ્યવહાર બગાડી બેસે છે.

જામ જાડાના મરણ પછી ધાહાએ લાખાને અડધો ભાગ ન આપ્યો, તેથી બંને વચ્ચે કુમેળ થવા લાગ્યો. વારસો વહેંચવામાં મોટા ભાગે કલહ થતો હોય છે. મોટા મન વિના વારસાની વહેંચણી કલહ વિનાની હોતી નથી.

લાખાએ ધાહાને કહ્યુંઃ 'કાં તો તું મને સરખો અડધો ભાગ આપ, નહીં તો બધો પૂરેપૂરો ભાગ તું રાખ. હું સિંધ છોડીને ચાલ્યો જાઉં છું.' ખરેખર તો લાખાની આ મહાનતા જ કહેવાય. પોતાનો ભાગ છોડીને ચાલતા થવું તે પણ મોટો ત્યાગ કહેવાય. સામાન્ય રીતે આવી સ્થિતિમાં અન્યાયનો ભોગ બનનાર ત્યાં જ રહે અને ખટપટો કરતો રહે. આવી ખટપટો ખૂનામરકી સુધી પણ પહોંચે. તેના કરતાં ખસી જવું સારું. ખસી જવું એ ત્યાગ બહાદુરી કહેવાય.

લાખો નગરસમૈથી પોતાનો કાફલો લઇને કચ્છમાં ઊતરી પડ્યો. કચ્છમાં ફરતો-ફરતો તે લાખિયારા વીયરા પાસે પહોંચ્યો. અહીં રબારીઓની વાંઢો હતી. થોડે જ દૂર જત લોકોની વાંઢો હતી. બંને માલધારીઓ હોવાથી બંને વચ્ચે વારંવાર અથડામણો થતી રહેતી. જત બળવાન હોવાથી તેઓ રબારીઓને હેરાન કરતા રહેતા, તેથી રબારીઓ જામ લાખાને શરણે ગયા અને અમારું રક્ષણ કરો તેવી પ્રાર્થના કરી. જત લોકો ઇસ્લામ ધર્મ પાળતા હોવાથી અવારનવાર રબારીઓનું મન દૂભવવા ગૌહત્યા પણ કરી બતાવતા હતા. કેટલીક વાર ધર્મનું પાલન ઇશ્વરપ્રીતિ કરતાં સામા પક્ષને દૂભવવા માટે પણ થતું હોય છે. જે લોકો સામા પક્ષને દૂભવવા માટે ધર્મના નામે કુકર્મ કરતા રહેતા હોય છે તેઓ કદી ધાર્મિક એકતા નથી કરી શકતા.

રબારીઓની પ્રાર્થના માનીને લાખો ત્યાં જ રોકાઈ ગયો. તેણે ત્યાં ગામ વસાવ્યું, જેનું નામ લાખિયાર વીયરો રાખવામાં આવ્યું.

જામ લાખાના ભાઇ જામ લાખિયારને સાત દીકરીઓ હતી. તેઓ ઉંમરલાયક થઈ ત્યારે તેમના માટે વરની શોધ કરવા પુરોહિત નીકળ્યો. તે બધાં રજવાડાંઓમાં ભટક્યો પણ ક્યાંય વર ન મળ્યો, તેથી નિરાશ થઈને પાછો ફર્યો. હવે શું થાય? લાખિયાર અને લાખો નિરાશ થયા. પરિવારની નિરાશાથી હતાશ થઇને સાતે કુંવરીઓએ મરી જવાનો નિર્ણય કર્યો. છેવટે સૌને સમજાવીને આ સાત કન્યાઓએ કુંવારાપણામાં જ દેહત્યાગ કરી દીધો. ત્યારથી જાડેજાઓની કન્યાને દૂધપીતી કરવાનો રિવાજ શરૂ થયો એમ કહેવાય છે.

અમે સમાવંશના ઉચ્ચ જાડેજાઓ છીએ, સૌ રાજપૂતોમાં ઊંચા છીએ, તેથી અમારી કન્યાઓ ઊતરતા રાજપૂતોને નહીં આપીએ તેવા અભિમાનથી આ રિવાજ પ્રચલિત થયો લાગે છે. આ રિવાજના કારણે હજારો મહાન કન્યાઓ જન્મતાં જ મારી નંખાતી રહી. આ પ્રથાથી સૌથી મોટું નુકસાન સ્વયં જાડેજાઓને જ થયું કહેવાય, કારણ કે મહાન કન્યાઓનો મહાન વંશ આગળ વધી શક્યો નહીં. સ્ત્રીની કૂખ વખણાય છે. મહાન કૂખથી જ મહાન રત્નો પેદા થાય. પણ કૂખ જ મારી નાખવામાં આવે તો શું થાય ? આ દૂધપીતી કરવાનો રિવાજ અંગ્રેજોના સમયમાં બંધ કરાવવા પ્રયત્નો થયા. આને ધર્મ ન કહેવાય, સમાજની કુરૂઢિઓ કહેવાય.

જામ લાખા જાડેજાને બે રાણીઓ હતીઃ એક હીરાબા ઝાલા અને બીજી સજણકુંવર સોઢા. હીરાબાને સંતાન ન થયું, પણ સજણબાને રાયધણજી કુંવર થયો.

## કચ્છી કવિતા મહેફિલ

### બાજીકે સુધારે ગિને

પ્રેમજલ સીંચી રોજ કો'ક મન-ભગીચેમેં;
કો' નિતા-નિત સીંચીએંતા છીછરે છલકેં,

કો'ક ખીરમેં ખન ભિરે તીંય ભિરી બુજેંતા;
કો'ક છેટા ઉભી-ઉભી બારિયેંતા ધિલકેં,

એસારેમેં સમજી કો' બાજીકે સુધારે ગિનેં;
કો' ભવ સજો ભણે, ત-પ વરેં અફલકેં,

'તેજ' મિંડ઼ે આત્મા જગમેં પરમાત્મા ન ભનેં;
ચીખલ પણ કો'ક જ કઢેતો કમલ કે.

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'તેજ જો અવાજ-૧'માંથી

### કડેં ન થકા...

ધોડ઼ કઢઇ બેફામ તોંસ સે, રણ કડેં ન થકા,
સંસાર ભાસે મિરગ઼જર, ચરણ કડેં ન થકા;

ખેં ઠેબા તાંય લગેં પથરા વુડ઼ેંતા મોજમેં,
કલકલ સૂર ગાઇંધે, જરણ કડેં ન થકા;

સૂરવીર સેનીક ઉભા ખડ઼ે પગ઼ રાત ડીં,
ડેસજી રખસાલા ઇ, લડ઼ણ કડેં ન થકા;

ઇતિયાસમેં ગુણ ગાવાજેંતા ઉન મા'નુભવેંજા,
ડિનલ વા ઉ પારીંધે, વચન કડેં ન થકા;

ડિસી સચી ભગતી ભગત જે ભગતીભાવમેં,
પિરભુ આસરો ડીંધે, સરણ કડેં ન થકા;

અજર અમરપટો કોય જો ન રોંધો 'મન',
મસાણમેં કઇંક રાખ થે, મરણ કડેં ન થકા.

મનીષા અજય વીરા 'મન', મુંબઇ, મોઃ ૭૩૦૩૧૫૮૮૬૮

### ફિરી પાછા મિલૂં

ધાર મીં જી મેં ભિજણ બાને ફિરી પાછા મિલૂં,
પાર વે ઉચીં ભલેં, લાંગે ફિરી પાછા મિલૂં...

બાયણા તાડ઼ો લગલ કુંજી મિલેજો લાગ નં,
તાંય સેંરી જી મથલ જાંપે ફિરી પાછા મિલૂં...

તોમુંધોં થીંધે ધલીલૂંને વડે સડ પણ કુછ્યા,
ગાલ રખણી કીં સચી વાંધે ફિરી પાછા મિલૂં...

પિંઢજા પાડ઼ો કરે રેં ગાલ ખોટી નાંય કીં,
ને મિઠી મોભત જે હક ધાવે ફિરી પાછા મિલૂં...

વેં જ નિમરા ઉન અજીજેંજી પુછા કેણી ન પે,
'દિવ્ય' ઈતરેતાં સજે માંધે ફિરી પાછા મિલૂં.

દિવ્યા દેઢિયા 'દિવ્ય', મુંબઇ, મોઃ ૯૩૨૦૦૦૬૨૯૩

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૪૩

## કલમ હુંધે હથ, પ લિખાણું કીં નં ?
## કલમ હોતા (હાથમાં) પણ લખાયું કેમ નહીં.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

દિવસો, મહિનાઓ, ઋતુઓ, વર્ષો બદલતા રહે છે, પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે, સમય બધું બદલી નાખે છે, જેમ વાલિયો વાલ્મીકિ થઈ ગયો, જેસલ જાડેજો જેસલપીર થઇ ગયો. દરેકમાં પરિવર્તન આવે છે, એક જ વિચારોને પકડી રાખવું કે બદલાવ ન લાવવો એને જડતા કહી છે, એટલે કચ્છના લોકસાહિત્યમાં પણ ચોવક (કહેવત)નો આશરો લઇ લોકકવિએ અહીં જીવનમાં બહુ ઉપયોગી સૂચન કર્યું છે. 'વા વરે તેડ઼ી પુઠ ડીજે'. અર્થાત્ સમય (સંજોગો)ના પરિવર્તન પ્રમાણે તેમાં ગોઠવાઇ જવું જોઇએ. તો જીવનમાં આવતા કેટલાક દુ:ખદ પરિબળો સમી જતાં હોય છે.

ભીમનાથ મહાદેવના મંદિરને થતું રંગકામ આજે પૂરું થઇ ગયું હતું, ગર્ભાગારની ફરસ મમુ ઘસી ઘસીને સાફ કરી રહ્યો હતો. પહોળી થઇ ગયેલી વાડને ગઇ કાલે જ મમુએ સંકોરી અને સાંકળી કરી લીધી હતી. કોઇ કારણ કે ઉદ્દેશ વગર મંદિરને વિવિધ જાતની ધજા-પતાકાઓથી શણગારી બાવાજી થાકી ગયાં હતા. લાલ, પીળા અને ગુલાબી ફૂલો વચ્ચે સફેદ આકડાના ફૂલો રંગબેરંગી ચૂંદડીમાં ટાંકેલા આભલાની જેમ શોભી રહ્યાં હતાં. પીપળો પણ મંદિરના બદલાયેલા ખોડિયાથી ખુશ હોય તેમ ઝૂકી ઝૂકીને મંદિરના શિખરને હવા નાખી રહ્યો હોય તેવું લાગતું હતું. દેવો આરતી ઘંટ વગેરેને ઘસી ઘસીને જતનપૂર્વક સાફ કરી રહ્યો હતો. તુલસીના છોડ ઉપર ફૂલોથી લચેલી કણ્યારની ડાળીઓ દેવ-દેવીઓ પર લટકાયેલા સોના-ચાંદીના છત્રની જેમ લટકી રહી હતી. સાંજના સોનેરી કિરણોથી તળાવડીની પાળ સોનાથી મઢી હોય તેવી લાગતી હતી. ઓટલે બધા આવી ગયા હતાં. કોઇપણ પૂર્વભૂમિકા બાંધ્યા વગર પચાણભાઇએ કહ્યું, 'આજે આપણે અનેકાર્થી પિરૂલી માણીશું. અને તે આ પ્રમાણે છે. એક માણસે બીજા માણસને સવાલ કર્યો કે:

કલમ [૧]હુંધે [૨]લિખાણું [૩]કીં [૪]નં ?

હુંધે કપડો [૫]સુઇ [૬]વટ [૭]આભો કીં [૮]સિભાણું નં ?

[૯]ચાંકો હુંધે [૧૦]હથ પણ [૧૧]સાગ઼-પન [૧૨]મોરાણું નં ?

[૧૩]હથુકા હથિયાર [૧૪]વા, પ; ચાકી-નટ [૧૫]ફિરાણું નં !

પતેં રાંધમેં હુંધે પતા, ખટાણું કીં નં ?

[૧]હોતાં, [૨]લખાયું કે લખવું, [૩]કેમ? [૪]ના, [૫]દરજી, [૬]પાસે, [૭]ખમીશ, [૮]સીવાયું, [૯]ચપ્પુ, [૧૦]હાથ, [૧૧]શાકભાજી, [૧૨]સમારાયું, [૧૩]હાથવગા, [૧૪]હતા, [૧૫]ફેરવાયું.

બધાને મોજ પડી ગઇ, સાહિત્યનો એક નવો પ્રકાર આજે બધાને જાણવા-માણવા મળ્યો, આમ તો પિરૂલી સાહિત્યમાં લોકકવિએ અનેકાર્થી શબ્દોનો સહારો લઇ ઘણી પિરૂલીઓની રચના કરી છે પણ ! ર્યાણમાં તે બાબત ક્યારેય ચર્ચા થઇ નથી. હવે સમયાંતરે આપણે માણતા રહીશું.' એવું પચાણભાઈએ જણાવ્યું.

કચ્છી ભાષામાં અનેકાર્થી શબ્દો ઘણા જોવા મળે છે. જેથી કચ્છીભાષા 'બોલી' ન રહેતાં એક આગવી 'ભાષા' છે, તે વાતને બળકું સમર્થન મળે છે. આમ તો કોઇપણ ભાષામાં તેના પર્યાયવાચી શબ્દો એ ભાષાનો વિસ્તાર છે.

જ્યારે અનેકાર્થી શબ્દો તેનું ઊંડાણ ગણી શકાય, વિસ્તારને હદ, સીમા કે સરહદ હોય પણ ઊંડાણની સીમા ન હોય. એટલે કચ્છીભાષાનો વિસ્તાર નાનો હશે, પણ ઊંડાણ ઘણું ઊંડું છે તે સ્વીકારવા જેવી વાત છે. એટલે ભાષાનો 'પટ' (પહોળાઇ) નાનો રહ્યો છે. કારણ કે આ ભાષામાં અનેકાર્થી શબ્દો ઘણા હોવાથી એક શબ્દ અનેક અર્થમાં વપરાતો આવ્યો છે. આ કથન મહિમોપાધ્યશ્રી કે.કા. શાસ્ત્રીજીનું છે.

અહીં ઉપરોક્ત પિરૂલીના દરેક સવાલનો જવાબ (ફોડ)માં 'પનું' શબ્દના અર્થવિસ્તારને સ્પષ્ટ કરે છે. પ્રથમ પંક્તિમાં કલમ હતી પણ ! 'પનું' એટલે કાગળ ન હતું જેથી લખાયું નહીં. તો બીજી પંક્તિ 'પનું' - કપડાંની પહોળાઇનું સૂચકઅર્થ બતાવે છે. કપડાની પહોળાઇ ન હતી જેથી ખમીશ સીવી શકાયું નહીં. જ્યારે તૃતીય પંક્તિમાં 'પનું' - ધાર કે અણીનું સૂચક અર્થ છે. ચપ્પુની ધાર જ ન હતી એટલે શાકભાજી સમારી શકાઇ નહીં. જ્યારે ચતુર્થ પંક્તિમાં તે નટ કે ચાકીને ફેરવવાનું એક ઓજાર 'પનું' - પાનાં તરીકે વપરાયો છે. અને છેલ્લે તે પત્તાં - ગંજીફાની રમતમાં ભારી 'પનું' જેવો અર્થભાવ પ્રગટ થાય છે. આમ લોકકવિએ અનેકાર્થી શબ્દોનો સહારો લઇ કેટકેટલા વિષયોને આવરી લીધા છે. જે તેની નિપુણતા બતાવે છે.

કાન સરવા કરી સાંભળતો કાનો મનમાં પસ્તાઇ રહ્યો હતો કે રોજ સાઇકલ ફેરવીને નકામો સમય બગાડયો તેના કરતા અહીં આવી વાતો સાંભળી હોય તો કેવું સારું એમ વિચારતો રહ્યો.

ગાભાએ તેને કોંણી મારી એટલે તે ઝબકી ગયો. ગાભાએ કહ્યું, 'શું નીશાળ નહીં જવા વિચારી રહ્યો છે ?'

કાનાએ કહ્યું, 'ના રે ના... નિશાળમાં રજાઓ શું કામ હોતી હશે ? ત્યાં જ હોઇએ તો કેટલું શીખવા, જાણવા મળે. સુણ; હિકડ઼ી ગાલ ચાં !

'[૧]થુડ઼ [૨]હિકડો઼, [૩]ડારું હજાર, ડાર ડારમેં [૪]મેવો [૫]ધાર.'

[૧]થડ, [૨]એક, [૩]ડાળી, [૪]લીલા કે સુકા ફળ, [૫]અલગ

બધાને નવાઈ લાગી કે, કાનો પણ પિરૂલીનો રસિક નીકળ્યો. બધાએ એને આ વાતની સ્પષ્ટતા કરવા દબાણ કરતા રહ્યાં પણ તેણે કોઇને જવાબ આપ્યો નહીં.

એ ઊઠ્યો અને સાઇકલમાં લટકતા થેલામાંથી એક ચોપડી લઇ આવ્યો અને બધાની વચ્ચે મૂકી. બધાએ જોયું તો તે ચોપડી શ્રી ઉમિયાશંકર અજાણી લિખિત 'કચ્છી પિરૂલીયું'ની હતી અને એણે પુછેલી પિરૂલીનો જવાબ પણ 'ચોપડી' જ હતુ.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક


કવિ-'તેજ'

કવિના પુસ્તક 'તેજ જો અવાજ –૩' માંથી

જ વટાણું મસાણ વટા,
હડેં કેઆં હકલ;
પુછેઆં તૉજી સિકલ,
કીં અસાંસે મિલંધી અચે ?

કચ્છી ચોવક – ૪૧

અરવીંદ રાજગોર (મો: ૯૯૮૭૯૬૫૭૯૮)



### જૉર મૉર જાઊસે.

અજ પુતરા ડાડાજી કે પુછ્યોં,
"જૉર મૉર જાઊસે" ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં, જુકો માડુ કમજો આરસુ વે ઉનકે
જોરાંઈ કમમેં જુપાઈ ઇનજી કચ્છી મેં ચૉવક આય
"જૉર મૉર જાઊસે".

ભાવાર્થ.

બળજબરીથી કામ કરાવવું તે.

-----------------------

આજે પૌત્રોએ દાદાજી ને પૂછ્યું,
"બળજબરીથી કામ કરાવવું" એટલે શું?
દાદાજી એ કહ્યું, જે માણસ કામમાં આળસુ હોય,
એને બળજબરીથી કામ માં જોતરવામાં આવે,
એની કચ્છી માં કહેવત છે.
"બળજબરીથી કામ કરાવવું તે".

### अज जी चोवक - ४३

(असांजी त हाणे) भॉत गई नें थोडी रिई

:: ભાવાર્થ ::

અમારું તો હવે એવું કે જીવન આખું વીતી ગયું.
જે થોડું બાકી છે, એની ચિંતા શી ?
( જીવન પ્રત્યેનો સંતુષ્ટભાવ પ્રગટ કરતી, વૃદ્ધ દ્વારા સહજતાથી બોલાતી કહેવત !)
અન્ય ભાષાના થતા પ્રયોગનું ઉદાહરણ

:: શબ્દાર્થ ::

भॉत गई: ઘણું વીત્યું, थोडी रिई: થોડું રહ્યું

–: સંકલન :–

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક – ૪૩
ડૉ. વિસન નાગડા
(મો: ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# વિશ્વ પ્રસિધ્ધ મુંબઈનો હલવો

### જામખંભાળિયાવાળાની દેન છે !




વર્ષો સુધી મુંબઇથી કોઇપણ 'દેશ'માં આવે એટલે મુંબઇનો આઇસ હલવો તો લાવે જ. આપણે સૌ એ પાતળા પડવાળો મુંબઇ આઇસ હલવો હોંશે હોંશે ખાધો છે. પણ આ હલવો આપણા એક ગુજરાતી-હાલારીની શોધ છે, એ જાણો છો ?

વર્ષો પહેલાં ગુજરાતના જામખંભાલિયા ગામના કર્મકાંડી બ્રાહ્મણ જીવા જોશીએ પુત્ર માવજીને કિસ્મત અજમાવવા બીજે ક્યાંક જવાનું કહ્યું. માવજીને તે દિવસોમાં હોડી દ્વારા દ્વારકા આવતા લોકો પાસેથી બોમ્બે વિશે ખબર પડી.

વર્ષ ૧૭૮૭ હતું. ખંભાળીયાથી સાત-આઠ ગરીબ યુવાનો દોઢ મહિનો ચાલીને મુંબઇના માહિમ પહોંચ્યા. માવજી સવારે અને સાંજે રસોઇ બનાવવાનું અને લોકોને ભોજન પહોંચાડવાનું કામ કરતા અને બપોરે નવરાશના સમયમાં ઘરે ઘરે જઇને બુંદી, લાડુ અને મોહનથાળ વેચતા.

માવજીનો પુત્ર ગિરધર તેમને મદદ કરતો. આ સમય દરમિયાન, ગિરધર તુર્કીના એક મુસાફરને મળ્યો જેણે તેને 'લોકમ' નામની મીઠાઇ ઓફર કરી. આનાથી પ્રેરાઈને, ગિરધરએ માહિમ હલવાની શોધ કરી. એવું કહેવાય છે કે તે લોકમથી એટલા પ્રભાવિત થયા કે તેમણે દૂધમાંથી બનેલી પાતળી પડવાળી મીઠાઈ તૈયાર કરવા લગભગ વીસ વર્ષ સુધી પ્રયોગો કર્યા.

માહિમ માછીમારોની વસાહત હતી. એક દિવસ એક માછીમાર મહિલાએ આ મીઠાઇનો સ્વાદ ચાખ્યો અને કહ્યું, 'આ તો હલવા કરતાં પણ સારી છે.' અહીં, હલવાનો અર્થ મીઠો નથી. વાસ્તવમાં, હલવો એક પ્રકારની માછલી છે. આ રીતે, માહિમમાં બનેલી આ મીઠાઈનું નામ 'માહિમ હલવો' રાખવામાં આવ્યું.

ગિરધર જોશી શેરી-શેરીમાં ફરીને મીઠાઇ વેચતા અને તેમના સફેદ વાળને કારણે બાળકો તેમને બુઢા ચાચા કહેતા. તેથી જ્યારે ગિરધર જોશીએ સને ૧૮૦૦ની આસપાસ પોતાની દુકાન શરૂ કરી, ત્યારે તેનું નામ 'જોશી બુઢા કાકા માહિમ હલવાવાળા' રાખવામાં આવ્યું. આ દુકાન હજુ પણ માહિમમાં છે. મુંબઇમાં હવે તો ઘણી મીઠાઇની દુકાનો માહિમ હલવો બનાવે છે અને વેચે છે. આજે માહિમ હલવો અનાનસ, સ્ટ્રોબેરી, કેસર જેવા વિવિધ સ્વાદમાં મળે છે.




કલ્પના કરો કે ગુજરાતથી પગપાળા આવેલા એક પરિવારે, પૈસા વિના, મુંબઇના ભોજનમાં એક અદભૂત મીઠાઈ ઉમેરી અને તેના ઇતિહાસનો ભાગ બની ગઇ. આજે 'જોશી બુઢાકાકા' ની બે દુકાનો છે. એક માહિમમાં અને બીજી દાદરમાં. આધુનિક દુકાનો અને ઝડપથી બદલાતી દુનિયા વચ્ચે ૨૫૦ વર્ષનો ઇતિહાસ અહીં શ્વાસ લે છે.

# આજથી ૨૫ વર્ષ પહેલા

## ૨૦૦૧ની બૉલીવુડની હિન્દી ફિલ્મો




૨૦૦૧માં, આજથી બરાબર પચીસ વર્ષ પહેલા બોલીવુડે ઘણી વ્યાપારી રીતે સફળ અને વિવેચકો દ્વારા વખાણાયેલી ફિલ્મોનું નિર્માણ કર્યું. ૨૦૦૧ બોલીવુડ માટે એક મહત્વપૂર્ણ વર્ષ હતું, જેમાં ઘણી યાદગાર ફિલ્મોએ કાયમી અસર છોડી હતી. ૨૦૦૧ની કેટલીક ટોચની બોલીવુડ ફિલ્મો પર નજર નાખીએ:

ગદર-એક પ્રેમ કથા: ભારતના ભાગલા દરમિયાન સેટ કરેલી એક મહાકાવ્ય પ્રેમકથા, જેમાં સની દેઓલ અને અમીષા પટેલ અભિનીત ભાગલા દરમિયાનની સમયની પ્રેમ કથા. જે સર્વકાલીન બ્લોકબસ્ટર બન્યા. આ ફિલ્મ રોમેન્ટિક એક્શન સાથે ભારતના ભાગલા દરમિયાનનો માહોલ અને દેશદાઝને કારણે શ્રેષ્ઠ હીટ બની ગઇ.

કભી ખુશી કભી ગમ (ઊંઉગ્ર): મલ્ટી-સ્ટારર ફેમિલી ડ્રામા, એક વિશાળ કૌટુંબિક મનોરંજન, બોક્સ ઓફિસ ચાર્ટમાં ટોચ પર રહી. કૌટુંબિક નાટક, જોરદાર સંગીત, પરંપરા, પ્રેમ અને સમાધાન સાથે શ્રીમંત પરિવારના સંઘર્ષ વિશેની એક મલ્ટી-સ્ટારર ફિલ્મ. કરણ જોહર દ્વારા દિગ્દર્શિત એક બ્લોકબસ્ટર.

લગાન: વન્સ અપોન અ ટાઇમ ઇન ઇન્ડિયા... વિક્ટોરિયન સમયની ભારતના એક ગામ વિશેની એક ફિલ્મ જ્યાં ગામલોકો કર ચૂકવવાથી બચવા માટે બ્રિટિશ અધિકારીઓને ક્રિકેટ મેચ માટે પડકાર આપે છે. શ્રેષ્ઠ વિદેશી ભાષાની ફિલ્મ માટે એકેડેમી એવોર્ડ માટે નામાંકિત થઇ હતી. આઇકોનિક ક્રિકેટ આધારિત ફિલ્મ, એક મોટી સફળતા. આમિર ખાન વસાહતી ભારતમાં સેટ કરેલી આ મહાકાવ્ય સ્પોર્ટ્સ ડ્રામામાં અભિનય કરે છે. આમિરખાનની એક ક્લાસિક ફિલ્મ. સર્વકાલીન મનપસંદ ફિલ્મોમાંની એક.

દિલ ચાહતા હૈ: યુવા પેઢી માટે એક વ્યાખ્યાયિત ફિલ્મ. કોલેજ પછીના જીવન અને સંબંધોમાં ત્રણ મિત્રોના જીવનને અનુસરે છે જ્યારે તેઓ કોલેજ પછી પ્રેમ, કારકિર્દી અને મિત્રતામાં નેવિગેટ કરે છે. કમિંગ-ઓફ-એજ, રોમેન્ટિક કોમેડી, આધુનિક મિત્રતાની વાર્તાઓ માટે એક સીમાચિહ્નરૂપ ફિલ્મ. દિલ ચાહતા હૈ... ભારતીય સિનેમાએ પહેલાં જોયેલી કોઇપણ ફિલ્મથી વિપરીત ફિલ્મ. પહેલીવાર તમને તેનો અનુભવ કરવાનો અનોખો આનંદ મળ્યો જ હશે. ગમશે... ક્યારેય પણ જોવા...'દિલ ચાહતા હૈ.'

નાયક: ધ રિયલ હીરો: અનિલ કપૂર અભિનીત એક રાજકીય નાટક જેણે તેની પ્રારંભિક રજૂઆત પછી એક સંપ્રદાયનો દરજ્જો મેળવ્યો. રાજકારણીઓ પરનો ગુસ્સો પ્રજાને હંમેશા ગમે છે. એક ઓલ ટાઇમ હીટ.

ચોરી ચોરી ચુપકે ચુપકે: સરોગસીના સંવેદનશીલ વિષય સાથે કામ કરતી એક ફિલ્મ, જેમાં સલમાન ખાન, પ્રીતિ ઝિન્ટા અને રાની મુખર્જી છે. વિવેચકો માટે પ્રસંશાપાત્ર. શાંત સલમાન ગમવાલાયક.

અશોક : ઐતિહાસિક નાટક, શાહરૂખખાન સમ્રાટ અશોકના જીવનનું ચિત્રણ કરે છે, રાજકુમાર તરીકેના શરૂઆતના દિવસોથી લઇને બૌદ્ધ શાસકમાં રૂપાંતર સુધી. અશોક ભારતની પહેચાન છે એટલે તે જોવા જેવી ખરી. આપણામાં ક્યાંક અશોક છે તે યાદ કરાવે છે.

તે વર્ષે અન્ય નોંધપાત્ર ફિલ્મો:

ચાંદની બાર : એક કઠોર નાટક, તેના વાસ્તવિકતા માટે વખાણવામાં આવ્યું. વિવેચકોની પસંદ રહી. તબ્બુની એક યાદગાર ફિલ્મ બની.

અજનબી: એક લોકપ્રિય થ્રિલર, ભારતીય: નોંધપાત્ર કમાણી કરનાર, રેહના હૈ તેરે દિલ મેં: એક સંગીતમય રોમેન્ટિક ફિલ્મ, તુમ બિન: એક રોમેન્ટિક ફિલ્મ જે તેના સંગીત અને વાર્તા માટે વખાણાઇ. એ ઉપરાંત ગત વર્ષના અંતમાં આવેલ કહો ના પ્યાર હૈ: ઋત્વિક રોશનના ડેબ્યૂને અંકિત કર્યું. રાકેશ રોશનની વધુ એક હિટ ફિલ્મ.

# ઘર છોડીને !

(કવોરા પર સોનાલીના રૂહ કા રિશ્તાનું ભાવાનુવાદ)

હું લગ્ન યોગ્ય ઉંમરની નજીક આવ્યો ત્યારથી હું ખૂબ જ ખુશ હતો કેમ કે મને આખરે એવી કોઇ મળશે જેને હું મારી જીવનસાથી કહી શકું. મારી પાસે સારી નોકરી હતી, પૂરતી આવક હતી અને ઘરે ફક્ત વૃદ્ધ માતા-પિતા હતા.

છેવટે મારા લગ્ન દિવ્યા સાથે નક્કી થઇ ગયા. અમે બન્ને ખૂબ ખુશ હતા. ઘરે તેણીને ફક્ત મારા માતા-પિતાની સંભાળ રાખવાની હતી. દિવ્યા પણ કહેતી, 'લગ્ન પછી તારા માતા-પિતા પણ મારા માતા-પિતા બનશે.' દિવ્યાના આવા શબ્દોથી હું તેના પ્રેમમાં પડી જતો. ક્યારેક તે પરિવારની સંભાળ રાખવાની વાત કરતી, ક્યારેક રોમાન્ટિક વાતો કરતી.લગ્ન પછી અમે બંને ફરવા ગયા, બધું જ પરફેક્ટ હતું. મને પણ એવું પ્રતિત થતું કે મારી પત્ની ઘરની બધી જરૂરિયાતોને સમજે છે. હું ખૂબ ખુશ હતો.

અમારા લગ્નના બે મહિના પછી, દિવ્યાએ કહ્યું, 'મને સાડી પહેરવામાં તકલીફ પડે છે. શું હું ઘરે સૂટ પહેરી શકું છું ?'

મેં તરત જ જવાબ આપ્યો, 'હા, કેમ ન પહેરી શકે ? ચાલ હમણાં જ તારા માટે એક લઇ આવીએ.' અમે બજારમાંથી પાછા ફર્યા, મમ્મીને સૂટ દેખાડ્યો પણ તેણે કંઇ કહ્યું નહીં.

બીજા દિવસે સવારે, જ્યારે તે સૂટ પહેરીને નીકળી, ત્યારે મમ્મીએ કહ્યું,'તેં સૂટ કેમ પહેર્યો ? અમારા ઘરમાં, નવી દુલ્હનોએ લગ્ન પછી છ મહિના સુધી ફક્ત સાડી જ પહેરવી જોઇએ. દરરોજ કોઇ ને કોઇ મળવા આવે છે. બધાની સામે સૂટ પહેરવાથી સારું લાગશે નહીં. અને દિવસભર વારંવાર કપડાં બદલવાથી પણ સારું લાગશે નહીં.'

આ સાંભળી દિવ્યાએ માની માફી માંગી ને કહ્યું,'મેં તેમને ખરીદતા પહેલા પૂછ્યું હતું !'

મારી મા કહે, 'આ બધું નક્કી કરનાર એ કોણ છે ? હું છું ત્યાં સુધી મને ગમે તે જ થશે. હું મરી જઇશ પછી તમે તમારી ઈચ્છા મુજબ જીવી શકો છો.'

આ સાંભળ્યા પછી પહેલી વાર મને ઘરમાં મારું સ્થાન સમજાયું. દિવ્યા મારી સામે નિર્દોષતાથી જોઇ રહી, કદાચ એને આ સમજાયું નહીં. મેં પણ પત્નીપ્રેમથી ભરાઇને કહ્યું,'અરે, મમ્મી, એમાં તેનો વાંક નથી, તેણે મને પૂછ્યું'તું.'

મારી માએ તરત કહ્યું, 'હજી બે મહિના પણ થયા નથી ને તું પત્નીનો પક્ષ લે છે. આ ઘરની બોસ હું છું કે તું ?'

આનો મારી પાસે કોઇ જવાબ નહોતો. અમે બંનેએ એકબીજા સામે જોયું અને અંદર ગયા. આ વાતથી દિવ્યા ગભરાઇ ગઇ. તે કાંઇ પણ કરતા પહેલા માને પૂછવા લાગી. પણ એથી નવી સમસ્યા સામે આવી.

હવે મા કહેતી,'તું ૨૮ વર્ષની છે, તારે શું કરવું અને શું ન કરવું તે અંગે તારી પોતાની બુદ્ધિ હોવી જોઇએ. દરેક બાબત માટે મારી પાસે ન આવ.' હવે આ વખતે દિવ્યા પણ ચીડાઇ ગઇ.

હું ઓફિસથી આવ્યો ત્યારે મમ્મી કહેવા લાગી,'તારી પત્નીમાં કોઇ બુદ્ધિ નથી.'

મેં તેને સમજાવ્યું,'જવા દો, તે શીખી જશે, થોડો સમય આપો.'

તો માએ મારા પર ગુસ્સે થઇને કહ્યું,'તું બદલાઈ ગયો છે.' મારા પિતા પાછળથી જોઇ રહ્યા હતા, હળવેથી હસતા મરકી રહ્યા હતા.

આ તરફ દિવ્યા ગુસ્સામાં હતી. 'હું ગમે તેટલી કોશિશ કરીશ, મમ્મી ક્યારેય ખુશ નથી હોતી. દરેક વસ્તુની એક મર્યાદા હોય.'

મેં તેને કહ્યું, 'તું ચિંતા ના કર, મમ્મીને શાંત કરવામાં થોડો સમય લાગશે, કારણ કે તે તને પોતાની માને છે, તેથી જ તારી સાથે આ રીતે વાત કરે છે. ચાલ, હવે જમી લઇએ, મને ખૂબ ભૂખ લાગી છે.'

મેં મનમાં વિચાર્યું, 'હું દિવ્યાને કોઇક રીતે ધીમેથી સમજાવીશ. મારે મમ્મી માટે કંઇક વિચારવું પડશે.'

રાત્રે દિવ્યા હજુ પણ થોડી અસ્વસ્થ લાગતી હતી. મેં તેને કહ્યું, 'મેં જે કહ્યું તેનાથી તને આટલું ખરાબ કેમ લાગે છે?'

તેણીએ તરત જ જવાબ આપ્યો, 'તે મારી ભૂલ નથી અને દરેક વસ્તુ માટે હું જ દોષિત છું ?'

ધીમે ધીમે ઘરમાં દરેક નાની-નાની વાત પર ઝઘડા થવા લાગ્યા. માતાને દિવ્યાની ઘણી વસ્તુઓ ગમતી ન હતી અને દિવ્યાને માતાની ઘણી વસ્તુઓ ગમતી ન હતી.

દિવ્યાએ કહે કે, 'ઘર તેનું છે અને દરેક નાની-નાની વસ્તુ માટે પરવાનગી માંગવાનું તેને યોગ્ય લાગતું ન હતું.'

સામે મા કહે, 'મેં આ ઘર બનાવ્યું છે અને તમને સોંપ્યું છે, તેથી તમે જે ઇચ્છો તે કરો પણ પહેલા મને પૂછો.' એક તરફ દિવ્યા હતી અને બીજી તરફ મારી મા. તેમના સંઘર્ષની અસરો સીધી મારા પર દેખાતી હતી. હું કચડાઇ રહ્યો હતો.

એક દિવસ, જ્યારે દલીલ વધી ગઇ, ત્યારે હું રાત્રે બંનેના રૂમમાં ગયો. માને કહ્યું, 'મમ્મી, તમારા ઝઘડાને કારણે મારી કારકિર્દી પર અસર થઇ રહી છે. હું તમને છોડી શકતો નથી તેમ દિવ્યાને પણ છોડી શકતો નથી. તેથી, થોડા નમ્ર બનો.' પછી મેં મારી પત્ની સાથે એ જ વાત કરી, 'મારી મા વૃદ્ધ છે. તે પોતાને હવે બદલે તે અશક્ય છે. તારે થોડું બદલાવું પડશે.' આ વખતે, હું થોડો કઠોર હતો. 'કોઇ મધ્યમ રસ્તો શોધો અને ઘરે શાંતિથી રહો.'

આ વાતચીત બાદ થોડા દિવસ શાંતિ રહી પણ ધીમે ધીમે વસ્તુઓ ફરીથી બગડવા લાગી. આ દરમિયાન, હું મારા પિતા સાથે તેમના પેન્શનના કામ માટે તેમની ઓફિસે ગયો ત્યારે તેમણે કહ્યું, 'હું તને એક રસ્તો કહીશ જે પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો કરી શકે તેમ છે.' તેમણે મને એક રસ્તો બતાવ્યો.

એક અઠવાડિયું પસાર થયું ને ઘરે ફરી ઝઘડો થયો. આ વખતે પગલાં લેવાનો સમય હતો. હું મોડે સુધી બહાર રહ્યો. જ્યારે દિવ્યા ફોન કરી પૂછે છે કેઃ 'ક્યાં છું ?' ત્યારે તેને કહ્યું, 'મને ખબર નથી કે હું ક્યાં છું.' થોડીવારે માનો ફોન આવે, 'તું ક્યાં છે ? આટલો સમય કેમ લાગી રહ્યો છે ?' હું તેને પણ કહ્યું: 'મને ખબર નથી કે હું ક્યાં છું.'

આ સમય દરમિયાન, હું મારા એક મિત્રના ઘરે હતો. મારા પિતા સિવાય કોઇને ખબર નહોતી. જ્યારે દિવ્યા કે મારી મા ફોન કરતી ત્યારે હું તેમની સાથે સામાન્ય રીતે વાત કરી તેમને વારંવાર ઝઘડો ન કરવાની સલાહ આપતો. હવે શાંતિ રાખો, આ કારણે, હું હવે ઘર છોડીને કાયમ માટે ચાલ્યો ગયો છું. આવી વાતો સાંભળી મા ગભરાઇ ગઇ ને દિવ્યા ચિંતિત બની. બંને વારંવાર ફોન કરી ખાતરી આપતા કે તેઓ આવી ભૂલ નહીં કરે અને હું તરત ઘરે પાછો ફરું.

હવે મારી મા કહેવા લાગી: 'તને શું જોઇએ છે ? હું મારા પૌત્રને જોયા વિના મરી જઇશ.' અને દિવ્યા કહેતી: 'તારી મા તારી ખૂબ ચિંતા કરે છે. મારા માટે નહીં, તો એના માટે તો પાછા આવો.'

હવે તે બન્ને એકબીજા વિશે વિચારી રહ્યા હતા. એક અઠવાડિયા મારા પિતા સાથે વાત કર્યા બાદ હું પાછો આવું છું. એક અઠવાડિયાથી ઘરમાં ખૂબ જ શાંતિ રહી અને તેમને આશા છે કે ફરી કોઇ ઝઘડા નહીં થાય. અને તમે વિશ્વાસ કરો, તે દિવસથી ફરી ક્યારેય આવી લડાઇ થઇ નથી. મારી મા ને મારી પત્ની સારી રીતે રહે છે. અમારે એક દીકરો પણ છે. અમારા ઘરમાં જે કાંઇ બન્યું તેનો સંપૂર્ણ શ્રેય મારા પિતાને આપું છું.

કેમ કે તે દિવસે, જ્યારે અમે પેન્શનના મામલાઓ પર ચર્ચા કરવા મળ્યા હતા, ત્યારે જ તેમણે મને આ આઇડીયા આપ્યો હતો: 'એક અઠવાડિયા માટે ઘરેથી ભાગી જા અને બન્નેને કહે કે તું ક્યારેય પાછો નહીં આવે !' મારું આ પગલું તમને હાસ્યાસ્પદ અને નકામું લાગશે, પણ તેણે મારું જીવન બદલી નાખ્યું છે.

વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
ને
નિયમિત રૂપે
આપના
મોબાઈલ
પર મેળવવા
અહીં ક્લિક કરો

